જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૧/૨૦૨૨ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૪૮/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૩/૦૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૭	૦	૧૨૭	૩૯૯	૦	૩૯૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૦૦૫૦	૧૭૯	૮૦૨૨૯	૮૧૧૦૪	૧૭૪	૮૧૨૭૮
કુલ		૯૬૬૪૮	૧૭૯	૯૬૮૨૭	૧૦૫૬૩૩	૧૭૪	૧૦૫૮૦૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૬	૩,૪૬,૪૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૮૨	૮,૮૨,૦૦૦/-

ઘરફોડ ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

એલ.સી.બી. ઝોન-૧ :

વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી થયેલ ઘરફોડ ચોરીના આરોપીને મુદ્દામાલ સાથે પકડી પાડતી એલ.સી.બી. ઝોન-૧

અમદાવાદ શહેરમાં મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ પોલીસ કમિશ્નર શ્રી સાહેબના હુકમથી અધિક પોલીસ કમિ. શ્રી સેકટર-૧ તથા નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૧ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી ઝોન-૧ પો સબ ઈન્સ.શ્રી કે.એલ.ખટાણા તથા મ.સ.ઇ જીવણભાઇ મેઘજીભાઇ બ.નં-૭૫૫૦ તથા અ.હેડ.કોન્સ મુકેશગીરી જગદીશગીરી બ.નં-૯૪૪૦ તથા પો.કોન્સ દિપકકુમાર ઇશ્વરભાઇ બ.નં-૬૨૮૬ તથા પો.કોન્સ પરેશભાઇ ભગવાનભાઇ બ.નં-૮૪૬૩ તથા પો.કોન્સ વિપુલસિંહ પીરાજી બ.નં- ૫૧૮૩ નાઓ તાજેતરમાં વસ્ત્રાપુર પો.સ્ટે દાખલ થયેલ ઘરફોડ ચોરીના સી.સી.ટી.વી ફુટેઝ મેળવી ફુટેઝ આધારે આરોપીની ઓળખ કરી આરોપી તથા મુદામાલની તપાસમાં વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન સાથેના પો સબ ઈન્સ.શ્રી કે.એલ.ખટાણા નાઓને મળેલ બાતમી હકકીત આધારે પીન્ટુ સ/ઓફ મોતીભાઈ સોમાભાઇ મીણા ઉવ-૧૯ ધંધો-મજૂરીકામ રહે- ઇસ્કોન બોપલ રોડ ઉપર આવેલ ચાલતી કસ્ટ્રશન સાઇટ ઉપર અમદાવાદ શહેર મૂળ રહે ગામ-ખજૂરીયા તા-રઘુનાથ પૂરા જી-ડુંગરપુર રાજસ્થાનનાઓ પાસેથી નીચે મુજબનો મુદ્દામાલ રીકવર કરી વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી આરોપીને તા-૨૨/૦૧/૨૦૨૨ ના કલાક-૨૨/૦૦ વાગે સી.આર.પી.સી કલમ ૪૧(૧)(ડી) મુજબ અટક કરી મળી આવેલ મુદામાલ સી.આર.પી.સી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરવામાં આવેલ છે તેમજ પકડાયેલ આરોપી મુદ્દામાલ સહિત વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે સોંપી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.તા-૨૩/૦૧/૨૦૨૨

શોધાયેલ ગુનાની વિગત

(૧)વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન પાર્ટ “એ”-ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૦૨૨૦૧૦૦ ઇ.પી.કો કલમ-૩૮૦, ૪૫૪, ૪૫૭ મુજબ

(૨)વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન પાર્ટ “એ”-ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૦૨૨૦૧૨૬ ઇ.પી.કો કલમ-૩૮૦, ૪૫૪, ૪૫૭ મુજબ

આરોપી પાસેથી કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ

(૧) બ્લેક કલરની 32 ઇંચની LED TV જેની આશરે કિ.રૂ.૫,૦૦૦

(૨) એક સેંમસંગ કંપનીનું ૮૦ સે.મીની LED TV જેની આશરે કિ.રૂ.૬,૦૦૦/-

(૩) નિકોન કંપનીનો COOLPIX S8100 મોડલનો કેમેરો જેની આશરે કિ.રૂ.૩,૦૦૦/-

(૪) conic કપનીનું ડી.વી.ડી પ્લેયર જેની કી.રૂ-૧૮,૦૦/-

(૫) એક સાદો નોકીયા કપનીનો મોબાઇલ ફોન જેની કિમત રૂ-૫૦૦/

(૬) i-tell કપનીનો અર્ધ તૂટેલ સ્માર્ટ ફોન જેની કિમત રૂ-૧,૦૦૦/- ગણી શકાય

જે તમામ મળી કુલ્લે કિમત રૂ-૧૭,૩૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરેલ છે

આરોપીનો ગુનાહિત ઇતિહાસ

(૧)સોલા પોલીસ સ્ટેશન ફ.સ્ટ.ગુ.નં-૨૨૫/૨૦૧૭ ધી ઇ.પી.કો.કલમ-૩૮૦,૪૫૪,૪૫૭ મુજબ

(૨) ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ફસ્ટ.ગુ.૨.નં-૩૫/૨૦૧૯ ધી ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબ

(૩) સોલા પોલીસ સ્ટેશન ખાતે ફસ્ટ.ગુ.૨.નં-૧૪૦/૨૦૧૯ ઇ.પી.કો કલમ-૨૨૪ મુજબ

કબુલાત કરેલ ગુનાની વિગત

(૧) આશરે દોઢેક મહિના પહેલા સોલા એસ.જી હાઇવે ઉપર આવેલ રાધે પાન પાર્લરનામની દુકાનમાં લગાવેલ એકઝોસ્ટ ફેન તોડીને દુકાનની અંદર પ્રવેશ કરીને દુકાનમાથી રૂપિયા ૪,૦૦૦/- રોકડા તથા કેટલાક બીડી તથા પાન મસાલા સામાન ચોરી કરેલાની કબુલાત કરેલ છે.



મોબાઇલ ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

એલ.સી.બી. ઝોન-૧ :

વાડજ પોલીસ સ્ટેશનનો મોબાઈલ ચોરીનો ગુનો ડીટેક્ટ કરતી એલ.સી.બી. ઝોન-૧

અમદાવાદ શહેરમાં મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ પોલીસ કમિશ્નર શ્રી સાહેબના હુકમથી અધિક પોલીસ કમિ. શ્રી સેકટર-૧ તથા નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૧ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી ઝોન-૧ પો સબ ઈન્સ.શ્રી કે.એલ.ખટાણા તથા અ.હેડ.કોન્સ મુકેશગીરી જગદીશગીરી બ.નં-૯૪૪૦ તથા પો.કોન્સ દિપકકુમાર ઇશ્વરભાઇ બ.નં-૬૨૮૬ તથા પો.કોન્સ પરેશભાઇ ભગવાનભાઇ બ.નં-૮૪૬૩ તથા પો.કોન્સ વિપુલસિંહ પીરાજી બ.નં-૫૧૮૩નાઓ સાથે ઝોન-1 પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન સાથેના પો.કોન્સ દિપકકુમાર ઇશ્વરભાઇ તથા પો.કોન્સ વિપુલસિંહ પીરાજી નાઓની સંયુકત બાતમી આધારે ધવલ સ/ઓફ અશોકભાઇ મણીલાલ પ્રજાપતિ ઉવ-21 ધંધો-અભ્યાસ રહે- મ.નં-503 વિશાલ હોસ્ટેલ (પી.જી) ઉર્જાનગર ફૂડાસન ગાંધીનગર મૂળ રહે-મ.નં-૬ સરસ્વતી પાર્ક સોસાયટી પાટણ ડીસા બનાસકાઠાનાઓ પાસેથી સેમસંગ ગેલેક્ષી નોટ-૧૦ મોડલનો લાલ કલરનો સ્માર્ટ મોબાઈલ ફોન જેની કિમત રૂ-૫૦,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી પકડી પાડી વાડજ પોલીસ સ્ટેશન પાર્ટ “એ”૧૧૧૯૧૦૨૩૨૨૦૦૯૬ ની ઇ.પી.કો કલમ-૩૮૦ મુજબનો ગુનો ડીટેક્ટ કરી પકડાયેલ આરોપી મુદ્દામાલ સહિત વાડજ પોલીસ સ્ટેશન ખાતે સોંપી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.

તા.૨૩/૦૧/૨૦૨૨



ગૌમાંસના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશનઃ

કતલ કરેલ ગૌમાંસ એક ફોરવ્હીલ આઈ-૨૦ ગાડી નં.જીજે.૦૧.કેજી.૬૨૪૨ માં ભરી ગૌમાંસ આશરે ૨૦૦ કિલોગ્રામના જથ્થા સાથે એક ઈસમને પકડી પાડતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડિવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ પોલીસ ઈન્સપેકટરશ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ ઢોર કટીંગના ગુનાઓ અટકાવવા તેમજ શોધવા સારૂ સુચના આપેલ હોય જે આધારે સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઈ.ટી.કે.દેવમુરારી સાહેબ તથા પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા હે.કો.શફીઉલ્લાખાન મહેબુબખાન બ.નં.૮૭૩૪ તથા પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ તથા પો.કો.હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૧૧૮૭ તથા પો.કો.રવિરાજસિંહ મહિપતસિંહ બ.નં.૫૦૯૭ તથા બીજા સ્ટાફના માણસો સાથે નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન નારોલ આકૃતિ ટાઉનશીપ પાસે આવતાં સાથેના પો.કો.રવિરાજસિંહ મહિપતસિંહ નાઓને બાતમી હકિકત મળેલ કે, " એક ઈસમ કે જેણે શરીરે ગોળ ગળાની કાળા કલરની ટી શર્ટ તથા વાદળી કલરનુ લોઅર પહેરેલ છે. તે અંસારી પાન પાર્લરની સામે આવેલ એવન ડુપ્લેક્ષ પાસે જાહેરમાં પશુમાંસનુ કટીંગ કરી એક સફેદ કલરની આઈ-૨૦ ફોરવ્હીલ ગાડી નં.જીજે.૦૧.કેજી.૬૨૪૨ માં ભરી રાખી હાલમાં તે જગ્યાએ ઉભેલ છે. " જે બાતમી હકિકત આધારે પંચો સાથે રેઈડ કરતાં આરોપી નુરમોહંમદ ખેરુદ્દીનભાઈ જાતે શેખ ઉ.વ.૩૬ ધંધો.ડ્રાઈવીંગ રહે.રાજ હોસ્પિટલની સામે કાચા છાપરામાં ગાયકવાડ હવેલી જમાલપુર અમદાવાદ શહેરનો એક ફોરવ્હીલ ગાડી નં.જીજે.૦૧.કેજી.૬૨૪૨ માં ગૌમાંસ આશરે ૨૦૦ કિલોગ્રામ કિ.રૂ.૫૦,૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૧ કિ.રૂ.૪૦૦૦ તથા લોખંડના નાના મોટા છરા નંગ-૦૨ કિ.રૂ.૦૦/૦૦ સહીતના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઈ ગયેલ હોય જેની પંચો રૂબરૂ પુછપરછ કરતાં બાગેકૌશરમાં રહેતા તેના મિત્ર બટકો કસાઈ રહે.બાગેકૌશર નારોલ અમદાવાદ શહેર મો.નં.૯૦૧૬૯૯૭૫૪૯ નાઓ બંનેએ ભેગા મળી રાત્રિના સમયે ગાયો લાવી કતલ કરેલ હોવાનુ જણાવેલ. જેથી તેઓ બંને તથા તપાસમાં નીકળે તે તમામ વિરુધ્ધમાં નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ બી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૨૦૧૫૫/૨૦૨૨ ધી પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ-૨૦૧૧ ની કલમ-૬(ખ)(૧), ૭ તથા ધી પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ-૨૦૧૭ ની કલમ ૫(૧)(ક), ૮(૪), ૧૦ તેમજ ધી બી.પી.એમ.સી.એકટ ૧૯૪૯ ની કલમ ૩૩૫, ૩૯૨ મુજબ અટક કરી ગૌમાંસનો ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે તા.૨૩/૦૧/૨૦૨૨

ગુનાહિત ઈતિહાસ : આ કામના આરોપી અગાઉ સરખેજ તથા દાણીલીમડા પોલીસ સ્ટેશનના ગૌમાંસના ગુનાઓમાં પકડાયેલાની કબુલાત કરેલ છે.

વોન્ટેડ આરોપી : બટકો કસાઈ રહે.બાગેકૌશર નારોલ અમદાવાદ શહેર મો.નં.૯૦૧૬૯૯૭૫૪૯ નો નાસતો ફરતો હોય પકડવાનો બાકી છે.





નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૪૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૪૭ લીટર દેશી દારૂ, ૩૨૪ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૪,૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૧૫૧/૨૦૨૨**

મણીનગરઃ રાજીબકુમાર શ્રીકાન્તદાસ મહાપાત્રા (ઉ.વ.૩૬)(રહે.શીવમ પ્રાયરી ટોરેન્ટ પાવરની પાસે મકરબા) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૧/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે મણીનગર કાંકરીયા ગેટ નં-૪ ની બહાર ત્રણ અજાણ્યા છોકરાઓએ ભેગામળી રાજીબકુમારની પુત્રી રૂતભીકાદાસ મહાપાત્રા (ઉ.વ.૦૩)ના ગળામાં પહેરેલ સોનાની પેન્ડલ સાથેની ચેઈન કિંમત રૂપિયા ૧૭,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.વી.દેસાઈ ચલાવે છે.

વાહન ચોરી :- **સમાચાર યાદી નં.૧૫૨/૨૦૨૨**

સોલા હાઇકોર્ટઃ શંકરભાઇ રામજીભાઇ મીણા (ઉ.વ.૩૨)(રહે.ગુમાનજી રબારીના મકાનમા ભમ્મરીયાના છાપરા, સોલા બ્રીજ પાસે, સોલા) એ તા.૨૩/૦૧/૨૦૨૨ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૧/૨૦૨૨ સાંજના ૫/૦૦ થી તા.૦૫/૦૧/૨૦૨૨ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન સોલા બ્રીજ નીચે મલ્હાર હોટલની સામે પાર્ક કરેલ પોતાની મારૂતિ ઇક્કો ગાડી નંબર જીજે.૦૨.એ.પી.૫૮૨૦ કિંમત રૂપિયા ૧,૧૫,૦૦૦/- કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એલ.જાદવ ચલાવે છે.

ધાબા ઉપરથી પડી જતા મૃત્યુ :- **સમાચાર યાદી નં.૧૫૩/૨૦૨૨**

બાપુનગર : મોહમ્મદરઉફ મોહમ્મદદરગારી અન્સારી (રહે.શાંતિનગર મસ્જિદ પાસે, સુંદરનગર બાપુનગર) નાઓનો ૧૦ વર્ષનો પુત્ર મોહમ્મદઅનશ તા.૧૩/૦૧/૨૦૨૨ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પહેલા માળના ધાબા ઉપર રમતી વખતે પ્લાસ્ટિકની દોરી ગળામાં ફસાઇ જતા ધાબા ઉપરથી નીચે પડી જતા શરીરે ઇજા થતાં સારવાર માટે તેને સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૨/૦૧/૨૦૨૨ રાતના ૧૧/૩૫ વાગે તેનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.પટેલ ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૫૪/૨૦૨૨**

"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ ઉત્તમભાઈ પદમાજી પ્રજાપતિ (ઉ.વ.૧૯) (રહે. દેવનંદન પાર્ક મોની હોટલના ખાંચામાં ઈસનપુર) તા.૨૩/૦૧/૨૦૨૨ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે ઈસનપુર મોની હોટલ સામેથી સાયકલ ચલાવી રસ્તો ક્રોસ કરતો હતો ત્યારે ફોર વ્હીલ ગાડી નંબર જીજે ૦૧ એચ.ઝેડ. ૨૦૩૫ ના ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સાયકલને ટક્કર મારતા ઉત્તમભાઈ પ્રજાપતિને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેને રાજસ્થાન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તેનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર ઉત્તમભાઈ પ્રજાપતિના કાકા કનૈયાલાલ પ્રજાપતિએ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.સ.ઇ.શ્રી આર.એન.રાઠવા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૫૫/૨૦૨૨**

મેઘાણીનગર : શ્રયસિંહ જીયાલાલ દોહરે (ઉ.વ.૩૨)(રહે,અમરાજીનગર ગલી નં.૦૨, ભાર્ગવરોડ, મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૧/૨૦૨૨ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની લાકડાની વળી સાથે મફલર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અશ્વીનભાઇ નટુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.